દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

પંચવર્ષિય રૂા. ૫૦૦, આજીવન રૂા. ૨૦૦૦, છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

ફેબ્રુઆરી : ૨૦૨૫ | વર્ષ - ૩૦ | અંક : ૨ સળંગ અંક : ૪૧૩

www.satvaramahamandal.org, email : darpan@satvaramahamandal.org

॥ જય સિધ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

## શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત

### માસિક

# સતવારા દર્પણ



**પ્રમુખશ્રી**
શંકરભાઈ આર. દલવાડી
મો. ૯૮૨૪૫ ૦૩૯૨૨

**સતવારા દર્પણ તંત્રીશ્રી**
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

**મહામંત્રીશ્રી**
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

# Ozat
## Theme Park & Resort



**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...
જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટયુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510 M. +91 97243 62243**

# સ્વ. શ્રી નરસીભાઈ કુબેરભાઈ રાઠોડ (પૂર્વ પ્રમુખશ્રી સમસ્ત સતવારા મહામંડળ)ને અશ્રુભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી નરસીભાઈ કે. રાઠોડ**

**જન્મ તા. ૨-૬-૧૯૫૩ રામચરણ તા. ૧૪-૧-૨૦૨૫**

સ્વ. શ્રી નરસીભાઈકે. રાઠોડનો જન્મ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ખસ (હાલ બોટાદ જીલ્લામાં) ગામમાં સાવ સામાન્ય કુટુંબમાં થયો હતો. તેઓએ ખસ ગામની પ્રાથમીક શાળામાં ધોરણ-૩ સુધીનો અભ્યાસ કર્યો હતો. કુટુંબમાં માતા-પિતા અને ત્રણ ભાઈઓ હતા.અને એક બહેન માતુશ્રી સ્વ. જતનબેન પિતા શ્રી સ્વ. કુબેરભાઈ રાઠોડ, મોટાભાઈ શ્રી સ્વ. ડાયાભાઈ, મોટાભાઈ શ્રી સ્વ. અમરશીભાઈ રાઠોડ અને એક બહેન હતા. નાની વયે કામ કરવાની ધગશ અને કંઈક નવું સાહસ કરી બતાવવાની સાથે તેઓએ પોતાના ખસ ગામમાંથી તેઓ ઈ.સ. ૧૯૬૭માં ગાંધીનગરમાં કામની શોધ માટે આવ્યા હતા. અહીં તેઓએ કડિયા કામ શીખવા માટે મજુરી (લેબર) કરી હતી. થોડો સમય ગાંધીનગરથી તેઓ સીધા વડોદરામાં ઈ.સ. ૧૯૬૮માં મકરપુરા જી.આઈ.ડી.સી.માં મજુરી કરતા હતા. કડિયાકામ શીખ્યા હતા. ત્યાં કામ પુરૂં થતા તેઓ પાછા પોતાના ખસ ગામમાં ગયા હતા. ગામમાં કોઈ જગ્યાએ મન કે ચિત લાગતું ન હતું. દિલમાં તમન્ના હતી કે કંઈક મારે નવું કરવું છે. તેમની ધગશ હોશલો અને કોઠા સુઝ અદ્‌ભુત હતી.

ઈ.સ. ૧૯૬૯માં અમદાવાદ ખાતે બાપુનગર વિસ્તારમાં ખોડિયારનગરમાં ઓરડી ભાડે લઈ રહેતા હતા. તેઓએ પોતાની કર્મભુમી બનાવી હતી. ખોડીયાર નગરના ધાબાનું કામ તેમજ કડિયાકામ કરેલ હતું. તેમની સાથે તેમના જ ગામના શ્રી. સ્વ. ગોરધનભાઈ કાનજીભાઈ રાઠોડ, શ્રી સ્વ. પોપટભાઈ પિતામ્બરભાઈ ડાભી અને તેમના મોટાભાઈ શ્રી સ્વ. અમરશીભાઈ કુબેરભાઈ રાઠોડ વગેરે ચારેય ભેગા થઈ મકાનના મજુરીના કામકાજ રાખતા હતા. અને ત્યાર બાદ ''ભગવતી કન્ટ્રકશન''નામની ઈ.સ. ૧૯૭૨માં ભાગીદારી પેઢીની સ્થાપના કરી. તેઓ ચણતર, પ્લાસ્ટર અને ધાબાના તમામ કામકાજ મજુરી સાથે રાખતા અને જાતે કરતા હતા. તેમને શ્રી સ્વ. ભાનુભાઈ પટેલનો સારો સાથ સહકાર મળ્યો તેમની સાઈટોના તથા પોલાપુરવાળા સ્વ. શ્રી ધરમશીભાઈ પટેલ તથા શ્રી હરેશભાઈ પટેલ વગેરેનો સહકાર પણ મળ્યો હતો. હંસકોલોની નું બાંધકામ કર્યું અને તેમાં જ ચારેય ભાગીદારોએ પોત પોતાના મકાન વેચાતા રાખ્યા હતા. તેઓએ મનહરનગર વિભાગ-૧નું પણ બાંધકામ કરેલ આમ તેમનું બાંધકામ ક્ષેત્રે ચક્કર ફરતું ગયું તેમ ચારેયની આર્થિક સ્થિતિ સુદઢ થતી ગઈ અને તેઓએ

પોતાના ગામમાંથી સગાવહાલાઓને બોલાવી રોજી રોટી અપાવી અને પગભર બનાવ્યા હતા. જેમ જેમ તેમની પાસે પૈસા આવતા ગયા તેમ તેમ સમાજ પ્રત્યેની ભાવના પ્રબળ થઈ ગઈ અને સેવામાં જોતરાઈ ગયા અને સમાજ સેવાની ભુખ ઉઘડતી ગઈ. જ્યાં પણ સમુહલગ્નો હોય યુવામેળાઓમાં જાહેરાત આપતા હતા. ચારેય પાર્ટનરોની મહેનત રંગ લાવી તેઓએ ભેગા થઈ વસ્ત્રાલ રોડ ઉપર વહેળા પાસે શ્રી સ્વ. અમરશીભાઈ રાઠોડની સુપુત્રી રીટાના નામથી ''રીટાનગર'' નામની સ્કીમ શરૂ કરી. તેઓએ ''શ્રી ગણેશ બિલ્ડર્સ'' ના નામથી સ્થાપના શરૂ કરી હતી. આ સ્કીમમાં સતવારા સમાજના લોકો વધારેમાં વધારે હતા. આમાં ચારેય શ્રી સ્વ. ગોરધનભાઈ કે. રાઠોડ, સ્વ. શ્રી પોપટભાઈ પી. ડાભી, શ્રી સ્વ. અમરશીભાઈ કે. રાઠોડ તથા શ્રી સ્વ. નરસીભાઈ કે. રાઠોડ હતા. તેઓ પોતે દરેક મજુરી કામ કરીને આગળ આવ્યા હતા. જે તેઓએ મહેનત અને પરિશ્રમ કરી હતી તે આજના બિલ્ડરોને શરમાવે તેવી હતી. તેઓની મહેનત રંગ લાવી હતી. તેઓએ સમાજમાં એક આગવી ઓળખ ઉભી કરી હતી. આ ચારેયની જોડી હતી અને તે સમયે અમદાવાદ સતવારા સમાજ માટે ખુબજ તેઓ પ્રેરણાદાયી હતા.

ઈ.સ. ૧૯૮૫માં પોતાની સ્કિમ ''રીટાનગર''માં અમદાવાદના સતવારા સમાજના પૂર્વ વિસ્તારના તથા પશ્ચિમ વિસ્તારમાં વસતા આપણા આગેવાનોની એક મીટીંગ કરી હતી. આ મીટીંગમાં અમદાવાદમાં એક સતવારા સમાજનું મંડળ હોવું જરૂરી છે. જેથી પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં વસતા લોકો એક થાય એકબીજાને ઓળખે અને સમાજમાં સારા કાર્યો થાય હાજર રહેલ દરેકે એક સુરમાં હા પાડી હતી. અને ''શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ''નો પાયો અહીં નાંખવામાં આવ્યો હતો. દિવસે ને દિવસે જ્ઞાતિમાં તેઓએ તેમની આગવી ઓળખ ઉભી કરી હતી તેઓ જ્ઞાતિ અભિમાન ઉપર ગર્વ કરતા અને જેમ જેમ ધંધામાં સફળતા મળતી ગઈ તેમ તેમ તેઓનો સમાજ સેવા પ્રત્યે અહોભાવ અને પ્રેમ વધતો ગયો હતો.

શ્રી સ્વ. નરસીભાઈ કે. રાઠોડ દ્વારા સેવાનું કામ હોય કે સમાજનું કામ હોય તેઓ તેમાં આગળ હતા અને અવ્વલ નંબર ધરાવતા હતા. સમાજમાં સમુહ લગ્નો હોય, દ્વારકામાં ધર્મશાળા માટેની જમીન ખરીદ કરવામાં ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને મળવાનું હોય કે અન્ય પ્રધાનને મળવાનું હોય તો તેઓ કાયમ સાથે રહીને આ કાર્ય કરાવવામાં સિંહ ફાળો હતો. માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના વરદ હસ્તે તા. ૨૫-૪-૨૦૦૨માં તેમના કરકમલો દ્વારા કરવામાં આવેલ અને ધર્મશાળાનું ઉદ્‌ઘાટન પણ તેમના કરકમલો દ્વારા તા. ૪-૬-૨૦૦૫માં કરવામાં આવેલ. રામરોટી આશ્રમ જુવાનપુરખાતે શ્રી સ્વ. છગનરામ ભગતના આશ્રમમાં રૂમ લખાવેલ રામ રોટી આશ્રમ બેડ શ્રી સ્વ. રાજારામ બાપાના આશ્રમમાં દાન આપેલ છે. સતવારા મહામંડળ દ્વારા સ્થાપના કરેલ તેમાં પણ તેઓએ ખુબજ મહેનત કરી હતી. સતવારા વિદ્યાર્થી ભવન વાડજ અમદાવાદ ખાતે એક રૂમનું દાન આપેલ છે. અને સતવારા વિદ્યાર્થીભવન વિદ્યાનગર ખાતે પણ એક રૂમનું દાન આપેલ છે. સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ તથા સતવારા મહામંડળના કાર્યકરો દ્વારા SCBC / ઓબીસી)માં સમાવેશ કરવા માટે જે મહેનત કરવામાં આવી હતી તેમાં પણ તેમનો અમુલ્ય ફાળો હતો. તેઓ ગાંધીનગર હોય કે દિલ્હી હોય તેઓ આગેવાનો સાથે જતા હતા અને તેમાં આપણા સમાજની કેન્દ્ર તથા ગુજરાત સરકાર દ્વારા સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી સતવારા જ્ઞાતિના પૂર્વ વિસ્તારના આગેવાનોની મીટીંગ તા. ૧૮-૭-૨૦૦૪ના રોજ એક મીટીંગનું આયોજન શ્રી સ્વ. અમરશીભાઈ કે. રાઠોડના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. આ મીટીંગમાં એક જ અવાજે નક્કી કરવામાં આવ્યું ''શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ (પૂર્વ) નરોડાથી નારોલ'' આ નામની સર્વાનુમતે રાખવામાં આવ્યું હતું. આ મીટીંગમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. તેમાં શ્રી સ્વ. નરસીભાઈ રાઠોડનું

નામ પ્રમુખ તરીકે ઉપ પ્રમુખ તરીકે શ્રી સ્વ. પોપટભાઈ પી. ડાભી અને શ્રી જસમતભાઈ વી. ચાવડા મહામંત્રી શ્રી દામજીભાઈ ડી. કણઝારીયા ખજાનચી તરીકે શ્રી રમણલાલ સી. મકવાણા અને કન્વીનરમાં શ્રી સ્વ. અમરશીભાઈ કે. રાઠોડ અને શ્રી સ્વ. સોમાભાઈ એમ. સતવારા તથા બીજા પદાધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી હતી. આગેવાનોના અથાગ પ્રયાસોને કારણે આપણને અંબિકાનગર રોડ અને બાપા સિતારામની મઢુલી પાસે ઓઢવમાં સરસ જગ્યા મળી. અને આજે આપણું અદ્યતન ભવન ઉભું છે. ભવનના નામકરણમાં આમાં પણ તેઓ બંને ભાઈઓ અવ્વલ બોલી બોલ્યા હતા અને તેમના માતુશ્રી ''સ્વ. જતનબેન કુબેરભાઈ વિરાભા રાઠોડ'' રાખી માતાપિતાનું રોશન કર્યું. શ્રી સ્વ. પોપટભાઈ પી. ડાભીનો અમુલ્ય સહયોગથીજ તૈયાર થયું.

શ્રી સમસ્ત સતવારા મહામંડળની સ્થાપના કરાવવામાં અમદાવાદના પૂર્વના અને પશ્ચિમ વિસ્તારના આગેવાનો દ્વારા સ્વ. બળવંતરાય હોલમાં ગુજરાતના આગેવાનોને આમંત્રણ આપી આમંત્રિત કર્યા અને સતવારા મહામંડળનો પાયો અહીં નાંખવામાં આવ્યો હતો. આના યજમાન અમદાવાદના આગેવાનો હતો. આમાં પણ શ્રી નરસીભાઈએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેઓ શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના અદના કાર્યકર હતા અને તેમાં તેઓ વિરાટ સેવા આપી હતી. શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા શ્રી સિદ્ધનાથ દાદાનો સામૈયા અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં તા. ૧૯-૨-૧૯૯૬ના રોજ શ્રી સતવારા મહા અધિવેશનનું ફાગણ સુદ એકમને દિવસે સતવારા મહામંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ફાગણ સુદબીજનો સિદ્ધનાથ દાદાનો સમૈયો હતો આમાં પણ તેમની સારી કામગીરી અને સેવા ઘણી હતી અને આમાં પોતાની કાર અને તેઓ પણ ઘણા ગામડામાં ફર્યા હતા અને સમૈયા મહોત્સવને અભુતપૂર્વ સહકાર મળ્યો હતો. તા. ૩૦-૧૨-૨૦૦૨ના રોજ તરણેતર (થાનગઢ)ના મહાદેવ પાસેથી શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા શ્રી સિદ્ધનાથ મહાદેવ રથયાત્રાનું પ્રયાણ કરાવવામાં આવ્યું હતું. તેમાં પણ રથયાત્રા સાથે ઘણા ગામોમાં ફર્યા હતા આ રથયાત્રા દ્વારા આપણા સમાજમાં ઘણી જાગૃતિ આવી છે. અને તેમાં પણ એક શિક્ષણ ક્ષેત્રે અદ્‌ભુત જાગૃતિ આવી છે. આપણા શૈક્ષણિક ભવનો તેની દેન છે.

સતવારા મહામંડળના પ્રમુખ શ્રી સ્વ. ઠાકરશીભાઈ એમ. ચાવડા (ટીનુકાકા)ના રામચરણ બાદ શ્રી નરસીભાઈ કે. રાઠોડની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. આ પહેલ તેઓ સતવારા મહામંડળમાં ઉપ પ્રમુખ તરીકે સેવા આપતા હતા. શ્રી સતવારા મહામંડળના આગેવાનોને વિચાર આવ્યો કે આપણો સમાજ હરીદ્વાર ૠષિકેશ તથા ચાર ધામની યાત્રાએ જાય છે. તો આપણે સતવારાનું ભવન ત્યાં હોવું જોઈએ તે માટે સમાજને આમંત્રણ આપવામાં આવ્યું. ત્યાં ૪૦૦૦ જેટલા લોકો આવ્યા હતા. અને સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરવામા આવી હતી. રૂમોના દાન તથા આ ભવનની બોલી બોલવામાં બે ભાઈઓ નામકરણમાં પણ તેઓ સૌથી વધારે રકમ આપી પોતાના માતા-પિતા ''સ્વ. જતનબા કુબેરભાઈ વિરાભા રાઠોડ''ના નામે નામકરણ કરાવી માતાપિતાને શ્રદ્ધાંજલિ આપી હતી. સમાજના દરેક લગભગ નાના મોટા કાર્યક્રમોમાં પોતાને બોલાવે તેઓ અવશ્ય જતા હતા હરિદ્વારનું ઉત્તરાખંડ હોય મુંબઈ હોય SCBC માટે દિલ્હી હોય કે ગુજરાતના નાના મોટા શહેરો હોય ત્યાં તેઓ તબિયત સારી નરસી હોય તો પણ જતા હતા. આવા મહાન સમાજ સેવાભાવી માણસના કાર્યોને સમાજ કયારેય પણ વિસરી શકશે નહિ. તેઓ તા. ૧૪-૧-૨૦૨૫ના રોજ રામચરણ થયા આ દિવસ ઉતરાયણ કે મકરસંક્રાતિ કહીએ કહેવાય છે કે મહાભારતમાં ''ભીષ્મ પિતામહ''એ પણ આ દિવસે જ દેહત્યાગ કર્યો હતો. પ્રભુ તેમના આત્માને શાંતિ અને પોતાની ચરણોસ્થાન આપે એજ પ્રભુ પાસે પ્રાર્થના આપણે સૌ પ્રાર્થના કરીએ. તેમના કુટુંબમાં પત્ની ચાર પુત્રીઓ અને એક પુત્ર છે. તેમની સ્મશાન યાત્રામાં આખું બાપુનગર ઉમટી પડ્યું હતું. તેમનું બેસણું તા. ૧૬-૧-૨૦૨૫ના રોજ હતું. તે સમયે તેમની મહેક એટલી બધી હતી કે

સતવારા સમાજ ઉપરાંત પૂર્વ વિસ્તારનો આખોય સમાજ અને અન્ય જાતીના લોકો ઉપરાંત બહાર ગામથી આપણા ધારાસભ્યશ્રી જગદીશભાઈ મકવાણા, મહામંડળના પ્રમુખ શ્રી શંકરભાઈ દલવાડી, મહામંડળના મહામંત્રી શ્રી રાજેશભાઈ કે. મકવાણા, શ્રી ભરતભાઈ ડાભી, શ્રી જીતુભાઈ, ધંધુકા, શ્રી ઠાકરશીભાઈ ચૌહાણ, શ્રી કાંતિભાઈ માસ્તર, શ્રી ગણેશભાઈ ખાંદળા, શ્રી ગૌતમભાઈ ખસીયા, શ્રી ભગવાનભાઈ એફ. પરમાર, આ ઉપરાંત ધંધુકા, બોટાદ લીંબડી, વઢવાણ, સુરેન્દ્રનગર, રતનપર, બરવાળા, વિરમગામ, ગુંજાર, ખસ, વાસણા, છારોડીયા ગલસાણા ઝાંઝરકા વગેરે ગામોમાંથી આવ્યા. શ્રી અશોકભાઈ વિશ્વપ્રેમી વિરમગામ ખાસ વગેરે ગામોમાંથી આવ્યા હતા. અને તેમના દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિ આપી હતી. આ લોકો તો મારી નજર સમક્ષ હતા એ પહેલા કેટલાય આવીને ગયા હશે તે મને ખ્યાલ નથી. તેમની અંતિમ વિધિમાં પણ શ્રી વાલજીભાઈ એન. જાદવ, શ્રી ભગવાનભાઈ એફ. પરમાર, શ્રી કરશનભાઈ એસ. ચાવડા, શ્રી તિલકભાઈ વી. ચાવડા, શ્રી હરેશભાઈ એસ. જાંબુકીયા, મહામંડળના પ્રમુખ શ્રી શંકરભાઈ દલવાડી તથા અન્ય આગેવાનો હાજર રહ્યા હતા. આ નજરે જોયા તેના નામ લખ્યા છે. બીજા ઘણા આગેવાનો આવ્યા હતા.

જીવન એવું જીવી ગયા કે, જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે. દુઃખમાં કદી ડર્યા નહિ, વ્યવહાર કદી ચુક્યા નહિ, ધર્મ કદી ભુલ્યા નહીં. સુખ દુઃખમાં હસતા રહ્યા. મન નથી માનતું કે તમે અમારી વચ્ચે નથી.'' સમાજ સેવા એજ પ્રભુ સેવા જેઓનો જીવનમંત્ર હતો.

''ચંદનની જેમ સર્વત્ર સુવાસ પ્રસરાવી જીવનના આરંભથી અંત સુધી કાર્યરત રહી નિઃસ્વાર્થ સેવા પરાયણતા કુટુંબ વાત્સલ્યતા અને જીવનના નૈતિક મુલ્યો પરત્વેનો તેનો આપણો શ્રેષ્ઠ અભિગમ હર હંમેશ અમારા માટે પ્રેરણા દાયી રહેશે અમે તમારા સદા ૠણી રહીશું.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવંગત દિવ્યાત્માને શાંતિ અર્પે એ જ અમારી પ્રભુ પાસે પ્રાર્થના.

શ્રી સમસ્ત સતવારા મહામંડળ — શ્રી સતવારા જ્ઞાતિમંડળ અમદાવાદ (પૂર્વ) નરોડાથી નારોલ
શ્રી સતવારા જ્ઞાતિ મંડળ, અમદાવાદ — શ્રી જય સિદ્ધનાથ ક્રેડિટ એન્ડ કો. ઓ. સપ્લાય સોસાયટી
શ્રી સતવારા પશ્ચિમ બચત મંડળ અમદાવાદ શ્રી સતવારા નવયુવક બચત મંડળ વસ્ત્રાલ
શ્રી સતવારા જ્ઞાતિ સમૂહ લગ્ન યુવક મંડળ અમદાવાદ (પશ્ચિમ)
ઉપરોકત મંડળ દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. સમાજનો એક ચમકતો તારલો જતો રહ્યો.

**ગં.સ્વ. શારદાબેન નરસીભાઈ રાઠોડ (પત્ની)**

| | |
|---|---|
| ભાવેશભાઈ નરસીભાઈ રાઠોડ (પુત્ર) | શ્રીમતી વિકીતાબેન ભાવેશભાઈ રાઠોડ (પત્ની) |
| શ્રી ચતુરભાઈ ડાયાભાઈ રાઠોડ (ભત્રીજા) | શ્રીમતી રૂપાબેન ચતુરભાઈ રાઠોડ |
| શ્રી રાજેશભાઈ અમરશીભાઈ રાઠોડ (ભત્રીજા) | શ્રીમતી હિરલબેન રાજેશભાઈ રાઠોડ |
| ઉમેશભાઈ નરસીભાઈ રાઠોડ (પુત્ર) | શ્રીમતી કવિતાબેન ઉમેશભાઈ રાઠોડ (પત્ની) |
| કૈલાસબેન રાજેશભાઈ ચાવડા (પુત્રી) | કેતનાબેન અશોકકુમાર કઝરીયા (પુત્રી) |
| તરૂણાબેન કમલેશકુમાર ડાભી (પુત્રી) | અનિતાબેન દિપકકુમાર હિરાણી (પુત્રી) |
| રીટાબેન સંદિપકુમાર (ભત્રીજી) | મીના બેન ભાવિનકુમાર ભત્રીજી |
| ડેઝી ભાવેશકુમાર રાઠોડ (પૌત્રી) | યર્થવ ભાવેશકુમાર રાઠોડ (પૌત્ર) |
| ભાવિનભાઈ ચતુરભાઈ રાઠોડ (પૌત્ર) | છાયાબેન ભાવિનકુમાર (પૌત્રવધુ) |
| ચિરાગભાઈ ચતુરભાઈ રાઠોડ (પૌત્ર) | ક્રિષ્નાબેન ચિરાગભાઈ (પૌત્રવધુ) |
| મયુરીબેન ભાવેશકુમાર (પૌત્રી) | રિદ્ધિબેન ઉમેશભાઈ રાઠોડ (પૌત્રી) |
| નિશાંક ઉમેશભાઈ રાઠોડ (પૌત્ર) | દેવાંગ રાજેશભાઈ રાઠોડ (પૌત્ર) |
| ઓમ રાજેશભાઈ રાઠોડ (પૌત્ર) | |

**સંકલન : રમણલાલ સી. મકવાણા**

# લગ્ન વિષયક



**નામ : ધારાબહેન મહેશકુમર મકવાણા**

પિતાનું નામ : મહેશકુમાર રામજીભાઈ મકવાણા

માતાનું નામ : ગીતાબેન મહેશકુમાર મકવાણા

જન્મતારીખ : ૭/૧૧/૨૦૦૧

ઉંચાઇ : ૫'૮''

વજન : ૬૫ કિ.ગ્રામ

ભણતર : બી.કોમ.

ઘરનું સરનામુ : સતવારા શેરી, રાધેશ્યામ મંદિર પાસે લીંબડી-૩૬૩૪૨૧ જી. (સુરેન્દ્રનગર)

ભાઈ : આયુષ (મોટો)

પિતાનો વ્યવસાય : અંબિકા મેડિકલ સ્ટોર, ડૉ. જે.વી. શુકલ સામે, એસ.ટી.રોડ, લીંબડી

માતાનો વ્યવસાય : ગૃહીણી (ઘરકામ)

મોસાળ : મહાદેવભાઈ ગોવિંદભાઈ પરમાર (રામાયણી) મોટા ખેડૂત, જુની સોસાયટી, જીન પાસે, લીંબડી

દાદા : રામજીભાઈ મગનભાઈ મકવાણા

મો. ૬૩૫૫૫૮૩૨૪૯

- પૂર્વ આચાર્ય, શ્રી સી.ડી. કપાસી હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી ચુડા, (જી. સુરેન્દ્રનગર)
- પૂર્વ મંત્રી, શ્રી સમસ્ત સતવારા મહામંડળ
- પૂર્વ મંત્રી , શ્રી ઝાલાવાડ સતવારા બોર્ડિંગ અને કન્યા છાત્રાલય જારાવરનગર

પ્રમુખ : શ્રી સતવારા ઈતિહાસ સમિતિ.

# લગ્ન વિષયક



**નામ : આયુષ મહેશકુમર મકવાણા**

પિતાનું નામ : મહેશકુમાર રામજીભાઈ મકવાણા

માતાનું નામ : ગીતાબેન મહેશકુમાર મકવાણા

જન્મતારીખ : ૧૭/૯/૨૦૦૦

ઉંચાઇ : ૫'૯''

વજન : ૭૭ કિ.ગ્રામ

ભણતર : એમ.ઈ.આઈ.ટી.

વ્યવસાય : કંપનીમાં પાર્ટટાઇમ નોકરી

માસિક આવક : ૫૦,૦૦૦

ઘરનું સરનામુ : સતવારા શેરી, રાધેશ્યામ મંદિર પાસે લીંબડી-૩૬૩૪૨૧ જી. (સુરેન્દ્રનગર)

મોસાળ : મહાદેવભાઈ ગોવિંદભાઈ પરમાર (રામાયણી) મોટા ખેડૂત, જુની સોસાયટી, જીન પાસે, લીંબડી

બહેન : (નાની) અપરણિત

ભાઈ : નથી

પિતાનો વ્યવસાય : અંબિકા મેડિકલ સ્ટોર, ડૉ. જે.વી. શુકલ સામે, એસ.ટી.રોડ, લીંબડી

માતાનો વ્યવસાય : ગૃહીણી (ઘરકામ)

પિતાનો મો. નંબર : ૯૮૨૫૫૪૭૫૮૫

અપેક્ષિત પાત્ર : સુશીલ, શિક્ષિત, ઓસ્ટ્રેલિયા રહેવા સંમત

દાદા : રામજીભાઈ મગનભાઈ મકવાણા

મો. ૬૩૫૫૫૮૩૨૪૯

- પૂર્વ આચાર્ય, શ્રી સી.ડી. કપાસી હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી ચુડા, (જી. સુરેન્દ્રનગર)
- પૂર્વ મંત્રી, શ્રી સમસ્ત સતવારા મહામંડળ

પૂર્વ મંત્રી , શ્રી ઝાલાવાડ સતવારા બોર્ડિંગ અને કન્યા છાત્રાલય જારાવરનગર

પ્રમુખ : શ્રી સતવારા ઈતિહાસ સમિતિ.

# શ્રી ખોડીદાસભાઈ શિવરામભાઈ કડિયાની
# સો વર્ષની જીવન સરિતા



તા. ૧૦-૦૮-૧૯૯૪ તેમનો જન્મ મહેસાણા ઉડીફળીમાં થયો હતો. તેમને ૧૯૩૮માં ફાઈનલ પરીક્ષા પાસ કરી અને પછી તેમની મહેનત અને નસીબ પ્રમાણે તેમને સેન્ટ્રલ એકસાઈઝ કસ્ટમ ખાતામાં ૧૯૪૬માં મહેસાણા મુકામે નોકરી મળી. ત્યારે બ્રિટિશ સરકાર હતી. પછી તેમને જુદા જુદા મુકામે તેમની બદલી કરવામાં આવી જેવી કે મહેસાણાથી કડી કાપડની મિલમાં, પછી સુઈગામ, સુરત, ભાદરણ, સેવાલિયા, બાલાસિનોર, નડિયાદ અને છેલ્લે અમદાવાદ સેન્ટ્રલ એકસાઈઝમાં દફતરીમાં નોકરી કરી. અને તેઓ છેલ્લા ૧૨ વર્ષ નોકરી કરી રિટાયર્ડ થયા.

અત્યારે માંડલ ખાતે સતવારા પ્રભાતભાઈ નરસિંહભાઈને ત્યાં સારી રીતે રહે છે. તેમનું જીવન પર્વ : તારીખ ૦૫-૦૧-૨૦૨૫ના દિવસે તેમનું સતાયુ એટલે કે એક સો વર્ષ તેમણે પુરા કર્યા હતા તેની ખુશી અને હર્ષ ઉલ્લાસ સાથે ગામના વડીલો મહેમાનો અને સમાજના આગેવાન સાથે ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે આપણા સમાજના આગેવાનો સતવારા મહામંડળના મંત્રી શ્રી સતવારા રસિકભાઈ અને મહામંડળના કારોબારી સભ્ય શ્રી મનુભાઈ મનસુખભાઈ તથા સર્વે કુટુંબીજનો તથા ગામના વડીલો મહેમાનો આ ઉત્સવમાં હાજરી આપી હતી. ઉત્સવને બિરદાવ્યો અમે એમને હૃદય પૂર્વક આભાર માનું છું.

**આ પ્રસંગે સતવારા દર્પણને ૧૦૦૦/- ભેટ આપેલ છે.**

**લિ. સતવારા રસિકભાઈ પ્રભુભાઈ**

**મંત્રી સતવારા મહામંડળ ટ્રસ્ટી જયરણછોડ ધર્મશાળા**

**દ્વારકા-જુનાગઢ, સોમનાથ**

# થાનગઢ સતવારા સમાજનું ગૌરવ







**નામ : દેવાંગભાઈ સવજીભાઈ જાદવ**

**(Civil Engineer)**

સવજીભાઈ લઘરાભાઈ જાદવ (બાબુભાઈ) ના સુપુત્ર ચિ. દેવાંગ સવજીભાઈ જાદવ એ ગુજરાત સરકાર અંતર્ગત ની માર્ગ અને મકાન વિભાગની કલાસ-૨ની પરિક્ષા સારા રેન્કથી ઉત્તીર્ણ કરેલ છે. તેઓનું પોસ્ટીંગ લીંબડી સબ ડીવીઝન માં થયેલ છે. તેમણે થાનગઢ સતવારા સમાજ તેમજ જાદવ પરિવારનું ગૌરવ વધારેલ છે.

પિતા : સવજીભાઈ લઘરાભાઈ જાદવ (બાબુભાઈ)

સરનામું : મો. ૯૮૭૯૯૩૦૨૦૦

વાસુકી પ્લોટ, ડૉ. સોની સાહેબના દવાખાના પાસે,

થાનગઢ, પીન- ૩૬૩૫૩૦ જી. સુરેન્દ્રનગર

દેવાંગ સવજીભાઈ મો. ૯૯૨૫૨ ૯૬૦૯૧

સતવારા દર્પણને ખુશી ભેટ ૧૧૦૦-૦૦ અગીયારસો પુરા

**સૌજન્ય : વાલજીભાઈ એન. જાદવ**

સંગઠન મંત્રી : સતવારા મહામંડળ થાનગઢ - મો. ૯૪૨૯૦૯૯૫૫૧

**: શુભેચ્છક :**

(૧) સવજીભાઈ લઘરાભાઈ જાદવ થાનગઢ,

(૨) વિરાટ સવજીભાઈ જાદવ - થાનગઢ

(૩) ઈશ્વરભાઈ લઘરાભાઈ જાદવ-થાનગઢ,

(૪) વાલજીભાઈ એન. જાદવ - થાનગઢ

## સતવારા સમાજ ધ્રાંગધ્રાનું ગૌરવ



**નામ : ડો. મહેશ અમરશીભાઈ કણઝરીયા**

શ્રી હર્ષદભાઈ અમરશીભાઈ કણઝરીયા ના સુપુત્ર ચિ. ડૉ. મહેશભાઈ હર્ષદભાઈ કણઝરીયા ૨૦૨૫માં **MBBS** સીવીલ હોસ્પીટલ **GMR** કોલેજ જુનાગઢમાં પૂર્ણ કરેલ છે. હાલ સીવીલ હોસ્પીટલ જુનાગઢમાં ઈન્ટરશીપ કરે છે. તેમણે સતવારા સમાજ ધ્રાંગધ્રા તેમજ કણઝરીયા પરિવારનું ગૌરવ વધારેલ છે. સરનામું : વિનાયક વિહાર સોસાયટી જોગાસર તળાવ સામે, ધ્રાંગધ્રા

શુભેચ્છક : અમરશીભાઈ કણઝરીયા
આસીન્ટટ ઓપરેટર **GEB JETCO**
માતા : હેતલબેન હર્ષદભાઈ કણઝરીયા
બહેન : હીરલબેન હર્ષદભાઈ કણઝરીયા
**B.H.M.S.** સેકન્ડ વર્ષ
કાકા : પ્રવિણભાઈ અમરશીભાઈ કણઝરીયા
મામા : જસવંતભાઈ વાલજીભાઈ જાદવ - થાનગઢ
નાના : વાલજીભાઈ નાનજીભાઈ જાદવ- થાનગઢ

**સતવારા દર્પણને ૫૦૧ રૂપિયા ખુશીભેટ આપેલ છે.**
હર્ષદભાઈ અમરશીભાઈ કણઝરીયા
મો.નં. ૯૦૯૯૨૧૦૯૬૦
ડૉ. મહેશભાઈ મો. નં. ૭૫૭૩૯૭૯૪૭૫
જસવંતભાઈ વાલજીભાઈ જાદવ
મો.નં. ૯૮૭૯૧ ૮૭૩૨૬
સૌજન્ય : વાલજીભાઈ નાનજીભાઈ જાદવ- થાનગઢ
મો.નં. ૯૪૨૯૦ ૯૯૫૫૧- ૬૩૫૫૫૮૭૬૮૭

## રાજકોટ સતવારા સમાજનું ગૌરવ



**નામ : પિયુષ ભગવાનજીભાઈ પરમાર**

રાજકોટ સતવારા સમાજનું ગૌરવ મૂળ જૂના નાગનાના વતની અને હાલ રાજકોટમાં રહેતા પિયુષ ભગવાનજીભાઈ પરમાર એડવોકેટ તેઓ વકીલાત ક્ષેત્રે કરવેરાના સલાહકાર તરીકે પ્રેકિટસ કરે છે. તેઓને કેન્દ્ર સરકાર દ્વારા નોટરી પબ્લિક **(Gov of India)** ની નિમણુંક કરવામાં આવી છે.

જેમની સતવારા સમાજ રોજકોટમાં સૌ પ્રથમ કેન્દ્ર સરકાર દ્વારા નોટરી પબ્લિક **(Gov of India)** તરીકે નિમણુંક થતા સમસ્ત સતવારા સમાજ ગર્વની લાગણી અનુભવે છે. આ તકે તેમના મોટાભાઈ પરેશભાઈ તરફથી સતવારા દર્પણને ૫૦૦ રૂપિયા ખુશી ભેટ મોકલાવેલ છે.

પિયુષભાઈ ભગવાનજીભાઈ પરમાર
**Advocate & Notary**
**(Gov of India)**
મો. +૯૧ ૮૧૫૫૦ ૫૨૦૯૭

# શ્રી સતવારા જ્ઞાતિ નવ યુવક મંડળ-વસ્ત્રાલ

## અમદાવાદ આયોજીત સાતમો સ્નેહ મિલન અને ઈનામ વિતરણ સમારંભ-૨૦૨૪

અમદાવાદ શહેર વિસ્તારમાં વસતા, સતવારા સમાજ માટે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારના વસ્ત્રાલ રોડ તથા તેની આજુબાજુના વિસ્તારમાં વસતા આપણા સમાજના કુટુંબીજનો એક જ સ્થળે નવા વર્ષ નિમિતે ભેગા મળે. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવા અને સમાજના ઉત્કર્ષ માટે ચર્ચા વિચારણા થાય તેવા ઉદ્દેશો માટે સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારંભનું તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ આયોજન કરવામાં આવેલ.

મહેમાનોના વરદ હસ્તે ઈષ્ટદેવ ભગવાનશ્રી સિદ્ધનાથ દાદા સમક્ષ દિપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી. શ્રીમતી વિધિ શક્તિ સતવારાએ પ્રાર્થના કરાવી, શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

સ્ટેજ સંચાલનની કામગીરીશ્રી કેતનભાઈ એન. મકવાણા અને પરાગભાઈ એ. સોનગ્રાએ સંભાળેલ, શ્રી અંબાલાલ એલ. સતવારાએ આ કાર્યક્રમમાં, આપેલ આમંત્રણને માન આપી, પધારેલ મહાનુભાવો, મહેમાનો, દાતાઓ તથા જ્ઞાતિજનોનું શાબ્દિક સ્વાગત કર્યું. તથા સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ તથા ફુલોથી સ્વાગત કરી સન્માન કરવામાં આવેલ.

સંસ્થાના સેક્રેટરીશ્રી પરાગભાઈ એ. સોનગ્રાએ, શ્રી સતવારા જ્ઞાતિ નવ યુવક બચત મંડળ-વસ્ત્રાલનો અહેવાલ રજુ કર્યો. વસ્ત્રાલ વિસ્તારમાં અંદાજે ૧૭૫ થી ૨૦૦ જેટલા કુટુંબો વસવાટ કરી રહેલ છે. દશ વર્ષ પહેલા સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે. સંસ્થામાં હાલમાં કુલ ૧૭૫ સભાસદો છે. દરેકની વ્યક્તિગત બચત રૂ. ૧૬૦૦૦/- લેખે કુલ રૂ. ૨૮,૦૦,૦૦૦/- બચત એકત્ર કરેલ છે. સભાસદને મહતમ રૂ. ૮૦૦૦૦/- લેખે કુલ રૂ. ૨૮,૦૦,૦૦૦/- બચત એકત્ર કરેલ છે. સભાસદને મહતમ રૂ. ૮૦૦૦૦/- લોન, વાર્ષિક વ્યાજ દર ૧૨ ટકાથી ૨૦ માસિક હપ્તેથી વસુલ કરવામાં આવી રહેલ છે. સંસ્થા દ્વારા દર વર્ષે સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવે છે. તે અંગે જે કાંઈ ખર્ચ થાય છે તે આ વિસ્તારના દાનવીર સભ્યોના સહયોગથી કરવામાં આવે છે.

આ સ્નેહ મિલન સમારંભને સફળ બનાવવા માટે નીચે જણાવેલ દાતાઓનો સાથ અને સહકાર મળેલ. તેમનું મહેમાનો અને સંસ્થાના હોદ્દેદારો, અને કમિટી સભ્યો દ્વારા સન્માન કરવામાં આવેલ.

| ક્રમ | નામ | દાનની વિગત |
|---|---|---|
| ૧ | હીતેશભાઈ પરસોતમભાઈ રાઠોડ | સાઉન્ડ સીસ્ટમ |
| ૨ | મહેશભાઈ જાદવ | ભોજન પાસ |
| ૩ | નિકુંજભાઈ પી. ખાંદળા | મુખવાસ |
| ૪ | જય સિદ્ધનાથ કો.ઓ. ક્રેડીટ સો. લી. | રૂા. ૬૦૦૦/- |
| ૫ | ધીરૂભાઈ ગોવિંદભાઈ રાઠોડ | રૂા. ૫૧૦૦/- |
| ૬ | શક્તિ કાઉન્ટ એન્ડ કન્સ્લ્ટન્સી ભાવનાબેન સતવારા | રૂા. ૫૧૦૦/- |
| ૭ | નરેન્દ્રભાઈ માધવલાલ પરમાર | રૂા. ૫૧૦૦/- |
| ૮ | પરસોતમભાઈ પ્રેમજીભાઈ કણજરીયા | રૂા. ૫૧૦૦/- |
| ૯ | પુંજાભાઈ ખાંદળા | રૂા. ૫૧૦૦/- |
| ૧૦ | વૈભવ અમૃતભાઈ સોનગરા | રૂા. ૫૧૦૦/- |
| ૧૧ | અંબિકા ઈલેકટ્રીયલ્સ મુકેશભાઈ તથા અશોકભાઈ ગીરધરભાઈ પરમાર | રૂા. ૩૫૦૦/- |
| ૧૨ | કરશનભાઈ ડાહ્યાભાઈ સોનગ્રા | રૂા. ૩૧૦૦/- |
| ૧૩ | અંબારામભાઈ ડાહ્યાભાઈ સોનગ્રા | રૂા. ૩૦૦૦/- |
| ૧૪ | ભીખાભાઈ મોહનભાઈ રાઠોડ | રૂા. ૨૧૦૦/- |
| ૧૫ | નારાયણભાઈ મકવાણા | રૂા. ૨૧૦૦/- |
| ૧૬ | નટુભાઈ ગોવિંદભાઈ રાઠોડ | રૂા. ૨૧૦૦/- |
| ૧૭ | છાયાબેન દીલીપભાઈ મકવાણા | રૂા. ૨૧૦૦/- |
| ૧૮ | નીતાબેન ગણેશભાઈ જાંબુકીયા | રૂા. ૨૧૦૦/- |
| ૧૯ | સંજયભાઈ એમ. કણઝરીયા | રૂા. ૨૧૦૦/- |
| ૨૦ | નિલેશકુમાર બળદેવભાઈ કણઝરીયા | રૂા. ૨૧૦૦/- |
| ૨૧ | જગદીશભાઈ ડાહ્યાભાઈ સોનગ્રા | રૂા. ૨૧૦૦/- |
| ૨૨ | ભાવનાબેન મહેન્દ્રભાઈ ડાભી | રૂા. ૨૧૦૦/- |
| ૨૩ | વસંતબેન જસમતભાઈ મોરી | રૂા. ૨૧૦૦/- |
| ૨૪ | રમેશભાઈ મોહનભાઈ પરમાર | રૂા. ૧૧૦૦/- |

| ક્રમ | નામ | દાનની વિગત |
|---|---|---|
| ૨૫ | કમલેશભાઈ કાળીદાસ કડીયા | રૂા. ૧૧૦૦/- |
| ૨૬ | હરેશભાઈ કણઝરીયા | રૂા. ૧૧૦૦/- |
| ૨૭ | ધરમશીભાઈ ડુંગરશીભાઈ મોરી | રૂા. ૧૧૦૦/- |
| ૨૮ | નાગજીભાઈ ડુંગરભાઈ મોરી | રૂા. ૧૧૦૦/- |
| ૨૯ | ઘનશ્યામભાઈ ત્રિકમભાઈ ચૌહાણ | રૂા. ૧૧૦૦/- |
| ૩૦ | કમલેશભાઈ કરશનભાઈ સતવારા | રૂા. ૧૧૦૦/- |
| ૩૧ | બકુલભાઈ કેશવલાલ ચાંપાનેરી | રૂા. ૧૧૦૦/- |
| ૩૨ | રમેશભાઈ ત્રિભોવનભાઈ જાદવ | રૂા. ૧૧૦૦/- |
| ૩૩ | રાજેશભાઈ રમેશભાઈ હીરાણી | રૂા. ૧૧૦૦/- |
| ૩૪ | જીગ્નેશભાઈ જીવણભાઈ | રૂા. ૧૧૦૦/- |
| ૩૫ | રાજેશભાઈ લાલજીભાઈ સતવારા | રૂા. ૧૧૦૦/- |
| ૩૬ | જયંતીભાઈ રામજીભાઈ કડીયા | રૂા. ૧૧૦૦/- |
| ૩૭ | નટુભાઈ કેશવભાઈ ચાંપાનેરી | રૂા. ૧૧૦૦/- |
| ૩૮ | મેરૂભાઈ મોહનભાઈ રંગાડીયા | રૂા. ૧૧૦૦/- |
| ૩૯ | ભરતભાઈ જી. પરમાર | રૂા. ૧૦૦૦/- |
| ૪૦ | મહેશભાઈ હડીયલ ડે. એન્જીનીયર | રૂા. ૧૦૦૦/- |
| ૪૧ | હીતેશભાઈ લકુમ પોલીસ કર્મચારી | રૂા. ૧૦૦૦/- |

| ક્રમ | નામ | દાનની વિગત |
|---|---|---|
| ૪૨ | જયંતીભાઈ શંકરભાઈ સતવારા | રૂા. ૫૦૦/- |
| ૪૩ | અશોકભાઈ શંકરભાઈ સતવારા | રૂા. ૫૦૦/- |
| ૪૪ | અરવિંદભાઈ શંકરભાઈ સતવારા | રૂા. ૫૦૦/- |
| ૪૫ | ધર્મેશભાઈ કણઝરીયા | રૂા. ૫૦૦/- |
| ૪૬ | નિકુંજભાઈ હરીલાલ ચૌહાણ | રૂા. ૫૦૦/- |
| ૪૭ | મહેન્દ્રભાઈ કનાભાઈ ચૌહાણ | રૂા. ૫૦૦/- |
| ૪૮ | જંયતીભાઈ નોટરી | રૂા. ૫૦૦/- |
| ૪૯ | રમણલાલ સી. મકવાણા | રૂા. ૫૦૦/- |
| ૫૦ | પંકજભાઈ કે. પરમાર | રૂા. ૫૦૦/- |
| ૫૧ | ભરતભાઈ પી. ડાભી | રૂા. ૫૦૦/- |
| ૫૨ | કાળુભાઈ ડી. રંગાડીયા | રૂા. ૫૦૦/- |
| ૫૩ | દેવાંશભાઈ સતવારા | રૂા. ૫૦૦/- |
| ૫૪ | રમેશભાઈ ટી. ચૌહાણ | રૂા. ૫૦૦/- |
| ૫૫ | જસમતભાઈ વી. ચાવડા | રૂા. ૫૦૦/- |
| ૫૬ | જયેશભાઈ આઈ. રાઠોડ | રૂા. ૫૦૦/- |
| ૫૭ | રામજીભાઈ સી. ડુમાણીયા | રૂા. ૫૦૦/- |
| ૫૮ | કેશુભાઈ એમ. સોનગ્રા | રૂા. ૫૦૦/- |

## આ સમારંભમાં નીચેના મહાનુભાવો હાજર રહેલ હતા

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી જસમતભાઈ વી. ચાવડા | પ્રમુખ, સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ- પૂર્વ |
| ૨ | શ્રી જયેશભાઈ આઈ. રાઠોડ | પ્રમુખ, સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ |
| ૩ | શ્રી પંકજભાઈ કે. પરમાર | સેક્રેટરી, જય સિદ્ધનાથ કો.ઓ. ક્રેડીટ એન્ડ સપ્લાય સો.લી. |
| ૪ | શ્રી રામજીભાઈ સી. ડુમાણીયા | મેનેજર, જય સિદ્ધનાથ કો.ઓ. ક્રેડીટ એન્ડ સ.સો.લી. |
| ૫ | શ્રી રમણલાલ સી. મકવાણા | તંત્રી શ્રી સતવારા દર્પણ |
| ૬ | શ્રી કાળુભાઈ ડી. રંગાડીયા | ઉપ પ્રમુખ-સમસ્ત સતવારા મહામંડળ |
| ૭ | શ્રીમતી નીતાબેન જયેશભાઈ રાઠોડ | પ્રમુખ -સતવારા મહીલા મંડળ |
| ૮ | શ્રી ભરતભાઈ પોપટભાઈ ડાભી | બિલ્ડીંગ કોન્ટ્રાકટર-અમદાવાદ |
| ૯ | શ્રી મહેશભાઈ હડીયલ | ડેપ્યુટી એન્જીનીયર કલાસ-૧, અમદાવાદ પૂર્વ ઝોન |
| ૧૦ | શ્રી દેવાંશભાઈ કે. પરમાર | પોલીસ કર્મચારી, ઓઢવ પોલીસ સ્ટેશન |
| ૧૧ | શ્રી હીતેશભાઈ લકુમ | રાઈટર, રામોલ પોલીસ સ્ટેશન |
| ૧૨ | શ્રી ડૉ. હર્ષદભાઈ કણઝરીયા | સીવીલ હોસ્પીટલ-સોલા |
| ૧૩ | શ્રી જયંતીભાઈ કડીયા | એડવોકેટ-એન્ડ નોટરી-અમદાવાદ |

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના મંત્રી શ્રી જયેશભાઈ રાઠોડે સંસ્થાએ હાથ ધરેલ આયોજનો, અમદાવાદમાં રહેતા સભાસદોની પરિચય પુસ્તિકા-ડીજીટલ ડિરેકટરી બનાવવાની કામગીરી અને તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ યુવા મેળાનું આયોજન કરવામાં આવેલ હોવાનું અને તેની કામગીરી પેપરલેસ-ડીઝીટલ પદ્ધતિથી કામગીરી હાથ ધરવામાં આવેલ હોવાનું જણાવ્યું. જસમતભાઈ વી. ચાવડાએ સતવારા સમાજ ભવન વિષે માહિતી આપી અને વસ્ત્રાલ વિસ્તારમાંથી સંસ્થાને મળેલ દાન બદલ આભારની લાગણી વ્યકત કરી.

જય સિદ્ધનાત કો.ઓ.ક્રેડીટ એન્ડ સ.સો.લી.ના સેક્રેટરી શ્રી પંકજભાઈ કે. પરમારે સંસ્થાની કામગીરીની છણાવટ કરી, સંસ્થામાં હાલમાં ૭૫૪ સભાસદો હોવાની, અને દરેક સભાસદને રૂા. ૨,૦૦,૦૦૦/-સુધીની વાર્ષિક રૂા. ૧૦ ટકા અને ૨૦ હપ્તેથી વસુલાત કરી રહેલ હોવાની તથા સભાસદના અવસાન સમયે તેમના વારસદારોને રૂા. ૭૧,૦૦૦/- સભાસદ મૃત્યુ સહાય પેટે આપવામાં આવતી હોવાની માહિતી આપી. તેમજ ભવિષ્યમાં સોસાયટી તરફથી મળનાર લાભોની સમજુતી આપી, અને વસ્ત્રાલ રોડ વિસ્તારમાં રહેતા સતવારા સમાજના જે સભ્યો, મંડળીના સભ્ય ન બન્યા હોય તો સભાસદ બની જવા આગ્રહ ભરી વિનંતી કરી. સંસ્થા દ્વારા હાલમાં સીઝનેબલ ચીજ વસ્તુઓ જેવી કે, સીંગતેલ, ઘઉં, તથા ફટાકડાના વિતરણની કામગીરી કરવામાં આવી રહેલ હોવાનું જણાવ્યું. તેમજ સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ દ્વારા બીઝનેશ ગૃપનું આયોજન કરેલ છે. જેમાં આપણા સમાજના નાના મોટા ધંધાદારી ભાઈઓ તેનો ઉપયોગ કરી શકે અને સમાજને પણ તેની જરૂરિયાત મુજબની માહીતી મળી રહે તે માટે આયોજન કરવામાં આવી રહેલ હોવાનું જણાવ્યું.

શ્રીમતી નીતાબેન રાઠોડે સમાજની મહિલાઓનું એક સંગઠન થાય તેવા શુભાશયથી સતવારા સમાજ મહિલા કલબની સ્થાપના કરેલ હોવાનું જણાવી, તેમાં હાલમાં ૧૮૦ જેટલી બહેનો જોડાયેલ હોવાની માહિતી આપી અને વસ્ત્રાલ વિસ્તારની બહેનો પણ જોડાય તેવી મહેચ્છા વ્યક્ત કરી. અને ભવિષ્યમાં બહેનોની આંતરીક શક્તિઓ બહાર લાવી પગભર બને તે માટે ગૃહ ઉદ્યોગ, હસ્ત કલા કારીગરી, સીવણ કામ, એમ્બ્રોઈડરી, ભરત કામ વગેરેનો બીઝનેશ શરૂ કરી આર્થિક રીતે પગભર થવા પ્રોત્સાહન આપ્યું.

ત્યાર બાદ જુનીયર, આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ સીનીયર -કે.જી.બાળ વાટિકા, ધોરણ-૧ થી એમ.ડી. સુધીના તેજસ્વી તારલાઓનું ૧ થી ૩ નંબરના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને ઈનામ તથા બાકી રહી ગયેલ તમામ આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું.

બીજા સેશનમાં સાસંકૃતિક કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં નાના નાના ભુલકાઓએ સનાતન ધર્મને અનુરૂપ શ્લોકોનું ગાન કર્યું. અને કેટલાક બાળકો અને બાળાઓ તરફથી ડાન્સની કલા-કૃતિઓ રજુ કરી, અભિભુત કર્યા. અને દરેક કલાકારોને સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ રાઠોડે રૂા. ૧૦૦/- લેખે ઈનામ આપી નવાજ્યા.

વધુમાં અંબાલાલ સતવારાએ જણાવ્યું કે સંસ્થાએ ગત વર્ષે પણ વ્યક્તિ રોજનો એક રૂપિયો દાન કરવાની યોજના શરૂ કરેલ છે. આ યોજનામાં જોડાયેલ સભ્યો પૈકી નીચે જણાવેલ વ્યક્તિઓએ દાન પેટીઓ સંસ્થાને પરત જેમાં અંદાજે દરેક પેટીમાં ૫૦૦/- જેટલી રકમ જમા હોવાનું જણાઈ આવેલ છે. પંરતુ દાન પેટી અડધી ભરાયેલ હોવાથી દાન પેટીઓ ખોલેલ નહી પરંતુ જે તે વ્યક્તિઓને પરત કરેલ અને આવતી સાલ દાનપેટીઓ પુરી ભરીને લાવવા વિનંતી કરેલ.

૧. ભાવનાબેન એ. સતવારા (૨) રંભાબેન ભીખાભાઈ રાઠોડ (૩) પ્રભાબેન પરસોતમભાઈ રાઠોડ (૪) વસંતબેન નટુભાઈ ચાંપાનેરી (૫) વેદાંશી સુરેશભાઈ રાઠોડ (૬) ઈશ્વરભાઈ આર. મકવાણા (૭) તેજલબેન અશોકભાઈ સતવારા

સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ જી. રાઠોડે આમંત્રણને માન આપી હાજર રહેલ મહેમાનો તથા સભાસદ ભાઈઓ, બહેનો અને બાળકોનો આભાર માનેલ અને આવો જ સાથ સહકાર ભવિષ્યમાં આપવા વિનંતી કરેલ. અને ભોજન લઈ, ફરી મળવાની અભિલાષા સાથે સૌ છુટા પડ્યા.

સંસ્થાના કાર્યવાહકો નીચે મુજબ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ધીરૂભાઈ જી. રાઠોડ | પ્રમુખ |
| ૨ | પરાગ એમ. ડાભી | મંત્રી |
| ૩ | અંબાલાલ એલ. સતવારા | ઉપ-પ્રમુખ |
| ૪ | આશીષ બી. રાઠોડ | સહ-મંત્રી |
| ૫ | પરાગ એ. સોનગરા | ખજાનચી |
| ૬ | ઘનશ્યામભાઈ પી. કણઝરીયા | સંગઠન મંત્રી |
| ૭ | વૈભવ એ. સોનગરા | કમીટી સભ્ય |
| ૮ | સંજયભાઈ એમ. કણઝરીયા | કમીટી સભ્ય |
| ૯ | પરસોતમ પી. કણઝરીયા | કમીટી સભ્ય |
| ૧૦ | કેતનભાઈ એન. મકવાણા | કમીટી સભ્ય |
| ૧૧ | દિલીપભાઈ મકવાણા | કમીટી સભ્ય |
| ૧૨ | નીલેશભાઈ કણઝરીયા | કમીટી સભ્ય |
| ૧૩ | નિકુંજભાઈ પી. ખાંદળા | કમીટી સભ્ય |
| ૧૪ | ધર્મેશભાઈ કણઝરીયા | કમીટી સભ્ય |

**અહેવાલ રજુ કરનાર :**

**અંબાલાલ એલ. સતવારા- ઉપ પ્રમુખ**

# શ્રી સતવારા નવ યુવક બચત મંડળ-વસ્ત્રાલ
# સ્નેહ મિલન ઇનામ વિતરણ-૨૦૨૪

**ધોરણ - નર્સરી**
૧ સથવારા હેતાશ અમિતકુમાર ૯૭.૧૪ પ્રથમ
૨ સોનગ્રા રિદ્ધિ જીગ્નેશકુમાર ૯૪.૦૦ દ્વિતીય
૩ દલવાડી કાવ્યા મુકેશકુમાર ૯૩.૬૦ તૃતીય

**ધોરણ - જુનીયર કે.જી**
૧ ચાંપાનેરી પ્રિન્સ મેહુલભાઈ ૯૨.૧૩ પ્રથમ
૨ રાઠોડ મિતાંસ આશિષકુમાર ૯૧.૩૩ દ્વિતીય
૩ મોરી જૈનમ નિલેશભાઈ ૯૦.૨૫ તૃતીય

**ધોરણ - સીનિયર કે.જી**
૧ મકવાણા હનિલ કેતનભાઈ ૯૭.૭૫ પ્રથમ
૨ ચાંપાનેરી નવ્યા નયનભાઈ ૯૭.૧૭ દ્વિતીય

**ધોરણ - બાલવાટિકા**
૧ કણજરીયા હેતાર્થ ધર્મેશભાઈ ૯૭.૫૦ પ્રથમ
૨ સતવારા જેનિલ નિકુંજકુમાર ૯૭.૦૦ દ્વિતીય
૩ કણજરીયા હેતાશી ધર્મેશભાઈ ૯૬.૬૬ તૃતીય

**ધોરણ - ૧**
૧ ડાભી શિવાની પ્રશાંતભાઈ ૯૯.૦૭ પ્રથમ

**ધોરણ - ૨**
૧ ચાવડા નક્ષ વિજયભાઈ ૯૯.૭૯ પ્રથમ
૨ રાઠોડ કશ્યપ સુરેશભાઈ ૯૫.૬૫ દ્વિતીય
૩ કડીયા નિયતી જયપ્રકાશ ૯૪.૦૦ તૃતીય

**ધોરણ - ૩**
૧ ચૌહાણ ખુશી નિકુંજકુમાર ૯૯.૮૮ પ્રથમ
૨ દલવાડી માહી મુકેશભાઈ ૯૫.૬૪ દ્વિતીય
૩ કડીયા પ્રેક્ષા વિપુલભાઈ ૯૨.૮૮ તૃતીય

**ધોરણ - ૪**
૧ કણજરીયા ધ્યાની ધર્મેશભાઈ ૮૮.૪૨ પ્રથમ
૨ સોનગ્રા રૂદ્ર મેહુલકુમાર ૮૫.૨૯ દ્વિતીય
૩ જાદવ વંદના મહેશભાઈ ૮૪.૨૫ તૃતીય

**ધોરણ - ૫**
૧ ચૌહાણ નેન્સી મહેન્દ્રકુમાર ૯૮.૨૯ પ્રથમ
૨ હિરાણી યશ પ્રફુલભાઈ ૯૫.૦૫ દ્વિતીય
૩ મોરી કવિશ પંકજભાઈ ૯૫.૦૦ તૃતીય

**ધોરણ - ૬**
૧ સથવારા શિવમ કમલેશકુમાર ૯૭.૮૯ પ્રથમ
૨ મકવાણા વૃતિકા કેતનભાઈ ૯૬.૭૨ દ્વિતીય
૩ સતવારા માધવી નિલેષકુમાર ૯૩.૭૮ તૃતીય

**ધોરણ - ૮**
૧ પરમાર હર્ષ શિવરામભાઈ ૯૫.૦૦ પ્રથમ
૨ જાદવ આયુષી મહેશભાઈ ૯૩.૭૮ દ્વિતીય
૩ કડિયા ધ્રુવિલ કમલેશભાઈ ૯૩.૭૨ તૃતીય

**ધોરણ - ૯**
૧ કડિયા ઋષિલ તુષારભાઈ ૯૫.૦૦ પ્રથમ
૨ સોનગ્રા શ્રુષ્ટી વિનોદભાઈ ૮૮.૭૧ દ્વિતીય
૩ ચૌહાણ વંશીકા મહેન્દ્રભાઈ ૮૫.૧૪ તૃતીય

**ધોરણ - ૧૦**
૧ સોનગ્રા ક્રિશા વૈભવકુમાર ૮૭.૮૩ પ્રથમ
૨ સતવારા પ્રિયાંશી નિલેશભાઈ ૮૧.૫૦ દ્વિતીય
૩ જાદવ રિદ્ધિ રમેશભાઈ ૭૩.૮૩ તૃતીય

**ધોરણ - ૧૧ વિજ્ઞાન**
૧ મોરી દ્રષ્ટી પંકજભાઈ ૮૬.૨૯ પ્રથમ
૨ હિરાણી રિદ્ધિ જયેશકુમાર ૬૬.૦૦ દ્વિતીય
૩ સથવારા હિનલ અશોકભાઈ ૬૨.૨૦ તૃતીય

**ધોરણ - ૧૨ આર્ટસ**
૧ ચૌહાણ અપેક્ષા મનોજભાઈ ૯૦.૮૫ પ્રથમ
૨ સતવારા ધ્રુવિન નિતિનભાઈ ૮૬.૦૦ દ્વિતીય
૩ ચાંપાનેરી માનસી પુનિતભાઈ ૭૯.૭૧ તૃતીય

**ધોરણ - ૧૨ સાયન્સ**
૧ સોનગ્રા તનવી પરાગભાઈ ૭૪.૫૮ પ્રથમ

**ડિપ્લોમા ઇન Elementrary Education (D.EiEd.)**
૧ સોનગ્રા હેમાંગી વિનોદભાઈ ૮૪.૧૭ પ્રથમ

**B.E.(Mech Engg)**
૧ સોનગ્રા વંદિતા પરાગભાઈ ૭.૦૬ CGPA પ્રથમ

**M.D.Ayurved**
૧ સથવારા કોમલ જયંતીભાઈ પ્રથમ

**B.Ed.**
૧ રાઠોડ રસ્મિતા વિનોદભાઈ ૮.૨૪ પ્રથમ

**Bachelor of Arts**
૧ મકવાણા કેતનભાઈ નારણભાઈ ૬.૬૯ પ્રથમ

**B.Com**
૧ સતવારા મિતલ પરસોતમભાઈ ૬.૭૯ CGPA પ્રથમ























## યુવક બચત મંડળ-વસ્ત્રાલ ઇનામ વિતરણની ઝલક

# શ્રી સતવારા સમાજ દ્વારકા નિઃશુલ્ક ટ્યુશન કલાસ

બાલમંદિરથી ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ટ્યુશન કરાવાય છે. એક કોમ્પ્યુટર કલાસ પણ છે. તથા દર મહિને મંથલી ટેસ્ટ લેવાય છે. ૨૬૦ વિદ્યાર્થીઓમાંથી બાલમંદિરથી ધોરણ-૧૦ના પ્રથમ,બીજો. અને ત્રીજો, નંબર મંથલી ટેસ્ટમાં લેનારને દર મહિને શ્રી ચંદ્રકાન્તભાઈ જેઠાભાઈ કણઝારીયા તરફથી શિક્ષણને પ્રોત્સાહન તથા બાળકો વધારે મન દઈને અભ્યાસ કરે તે માટે

પ્રથમ નંબર - ૫૦૦ રૂ. , બીજો નંબર - ૪૦૦ રૂ.

ત્રીજો નંબર - ૩૦૦ રૂ. કુલ તેત્રીસ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ અપાય છે. સાથે દરેક વિદ્યાર્થીઓને બોલપેન પણ અપાય છે.

લિ. શિક્ષણ સમિતિ ચેરમેન

શ્રી સતવારા સમાજ દ્વારકા

શ્રી ચંદ્રકાન્તભાઈ જે. કણઝારીયા











॥ જય દ્વારકાધીશ ॥



સ્વ. જેઠાભાઈ માંડણભાઈની

# વંદના હોટલ

ફોન : (૦૨૮૯૨)૨૩૪૪૪૦/મો.નં. ૭૬૦૦૪ ૨૭૪૪૦




**૩૦ વર્ષથી સેવામાં**

**A/c Non A/c રૂમ With Wi-Fi**

**॥ સુવિધા ॥**

(૧) ડાઇનીંગ હોલ

(૨) એસી./નોન એ.સી.રૂમ

(૩) ઠંડા-ગરમ પાણીની સુવિધા

(૪) ટીવી વીથ કેબલ

(૫) કાર પાર્કિંગ

(૬) વાઇ-ફાઇ ઇન્ટરનેટ સુવિધા

સ્ટેટ હાઇ-વે, સ્ટેશન રોડ, દ્વારકા

**પ્રો. ગંગાબેન જેઠાભાઈ કણઝારિયા**

**ચંદ્રકાન્ત જેઠાભાઈ કણઝારિયા**

website : www.hotelvandana.com ૩/૨૬

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નમ્ર અપીલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ, નમસ્કાર

સવિનય સહ જણાવવાનું કે સતવારા દર્પણના નવા સભ્ય થવાના પંચવર્ષિય રૂા. ૫૦૦, દશવર્ષિય રૂા. ૧૦૦૦ અને આજીવન રૂા. ૨૦૦૦ના સભ્ય ફી છે. આમાં ધંધાની જાહેરાતના દર અલગ છે. લગ્ન વિષયક ગામના સમાજનું ગૌરવ, પર્સનલ (વ્યક્તિગત) જાહેરાત આપો ત્યારે રૂ. ૫૦૦ દાનભેટના સીધા જ **બેંક ઓફ બરોડા વાડજ બ્રાંચમાં સેવિંગ્સ ખાતા નં. ૭૨૫૦૦૧૦૦૦૦૩૪૨૨ અને IFSC Code** અને **BARBo DBNVAD (કોડમાં પાંચમો અક્ષર ઝીરો છે.) આપના રૂા. સીધા ઓનલાઇન જેમકે પેટીએમ, ગુગલ પે, ફોન પે, ભીમ એપ્સ કે અન્ય એપ્સ દ્વારા જમા કરાવવા વિનંતી છે.** તેના **UPI**ના નંબર સાથે **સતવારા દર્પણના તંત્રીશ્રીના મો. નં. ૯૮૨૪૭૮૮૨૦૧** ઉપર વોટ્સએપ દ્વારા અવશ્ય મોકલી આપવા વિનંતી છે. **મનીઓર્ડર કોઇએ કરવો નહિ અથવા રોકડા આપવા નહીં.**

આપણા સમાજમાં દરેક ગામમાં કે શહેરમાં થતા જાહેર કાર્યક્રમો જેવા કે સ્નેહ સંમેલન, ઈનામ વિતરણ, યુવા મેળા, સમુહ લગ્ન, શૈક્ષણિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ કોઈપણ મેડીકલ કેમ્પ હોય ટુંકમાં સમાજમાં થતા કોઈપણ નાના મોટા જાહેર મેળાવડા થતા હોય તો તે કાર્યક્રમોની સતવારા દર્પણના કાર્યાલય ઉપર વોટસએપમાં પી.ડી.એફ. ફાઈલ બનાવી અવશ્ય મોકલી આપવા તેને સતવારા દર્પણમાં છાપવામાં આવશે. જેથી તમારા કાર્યક્રમની સમાજને જાણ થાય તેમજ તેવા કાર્યક્રમો કરવાની અન્ય ગામ કે શહેરને તેના દ્વારા પ્રેરણા મળશે. જે કોઈ સભ્યને સતવારા દર્પણ ન મળતું હોય સરનામું બદલવાનું હોય તો તેની જાણકારી તુરત સતવારા દર્પણના તંત્રીના ઉપર મુજબના મોબાઈલ નં. ઉપર વોટ્સએપ દ્વારા ગ્રાહક નંબર અને સરનામા સાથે અવશ્ય જાણ કરવા વિનંતી છે. તેમની ફરીયાદનો અવશ્ય નિકાલ કરવામાં આવે છે. અને તેની નોંધ લેવામાં આવે છે. તેમને હું હાથથી લખીને અંક કાયમ મોકલી આપું છું. ગ્રાહકોને સંતોષ આપવો એ જ અમારો મુદ્રાલેખ છે. ઘણા સભ્યોએ પોતાના ઘરના સરનામા બદલ્યા છે છતાં પણ હજુ સુધી સતવારા દર્પણના કાર્યાલયને જાણ કરી નથી તેમને અમોએ મોકલેલ અંક પાછા આવે છે. તેઓએ તેમના ઘરના નવા સરનામાની કાર્યાલય ઉપર જાણ કરવા વિનંતી છે. જેથી તેમને અંક મળી શકે.

**લિ.રાજેશભાઈ કે. મકવાણા મહામંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ, રમણલાલ સી. મકવાણા - તંત્રીશ્રી સતવારા દર્પણ**

## શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ સતવારા ભવન હરીદ્વાર

**વ્હાલા જ્ઞાતિજનો,**

**આપ સહુને જણાવવાનું કે જે પણ ભાઈ-બહેનોને હરિદ્વાર ભવનના નિર્માણમાં દાન-ભેટ આપવાની હોય કે લખાવવાની હોય તો તેઓ નીચે દરેકના સરનામા અને મોબાઇલ નંબર આપેલ છે. પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ મો. ૯૫૫૮૩ ૮૯૯૯૯, ૯૮૨૫૦ ૯૫૫૧૬**

**શ્રી હરેશભાઈ શામજીભાઈ જાંબુકીયા - મંત્રીશ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**

**કાર્યાલયનું સરનામું :** પરામાં, શેરી નં. ૫,હાઇસ્કુલ પાસે, મુ.પો. રાણપુર, જી. બોટાદ-૩૮૨૨૪૫,મો. ૭૦૪૬૪ ૨૫૧૧૧

**સતવારા ભવન હરિદ્વારનું સરનામું :** સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ, સતવારા ભવન-૨૫, સંગમપુરી સોસાયટી, સપ્ત સરોવર રોડ, વૈશ્વવદેવીના મંદિર અને ભારતમાતાના મંદિર વચ્ચે, હરિદ્વાર, ઉત્તરાખંડ,

**સમાજના કોઇપણ વ્યક્તિને હરિદ્વાર જવાનું થાય તો સતવારા સમાજનું ભવન છે. જેને સંપર્ક કરવો હોય તો નીચે જણાવેલ મો.નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

**સતવારા સમાજ ભવન હરીદ્વારનો સંપર્ક નં. (મો) ૯૯૯૭૦૬૮૨૫૩, ૯૬૨૭૫૧૪૦૭૩**

**દાનભેટ મોકલવા માટે : શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ**

**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, લીંબડી જી.સુરેન્દ્રનગર શાખા, નં.૩૧૭૮૮૧૩૫૦૯૯ IFSC કોડ નં. SBIN 0010991**

